# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-01-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નીકીતા શાહ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના વેપાર ઉદ્યોગને વીજળી, પાણી સહિતની તમામ સહાય પૂરી પાડવાની ખાતરી આપી.
2) અમદાવાદમાં HMP વાઇરસનો પ્રથમ કેસઃ અસ્થમાથી પિડાતા વૃધ્ધને વાયરસની અસર.
3) આગામી 48 કલાક દરમિયાન રાજ્યના મોટા ભાગનાં જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધવાની હવામાન વિભાગની આગાહી.
4) 13મી જાન્યુઆરીથી રમાનાર પ્રથમ ખોખો વિશ્વકપમાં ભારતની મહિલા ટીમમાં તાપી જિલ્લાની યુવતીની પસંદગી કરાઈ.
5) મહિલા ક્રિકેટમાં, આજે રાજકોટમાં ભારત-આયર્લેન્ડ વચ્ચે એક દિવસીય શ્રેણીની પ્રથમ મેચ રમાશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM PATIDAR SUMIT

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે સમય કરતાં આગળનું વિચારીને પાટીદાર સમાજે વિકાસની હરણફાળ ભરી છે. ગઈ કાલે ગાંધીનગરમાં સરદારધામ ખાતે આયોજિત  ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અને એક્સ્પોનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ રાજ્યમાં વેપાર ઉદ્યોગનાં વિકાસ માટે સરકાર તરફથી તમામ સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી.

## (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ ,મુખ્યમંત્રી)

આ બિઝનેસ સમિટ 12 જાન્યુઆરી સુધી ચાલુ રહેશે. અંદાજે ૧ લાખ સ્ક્વેર મીટર વિસ્તારમાં વિશાળ પ્રદર્શન પણ યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે  કેન્દ્રિય શ્રમ-રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવીયા, ઈફ્કોના ચેરમેન દિલીપ સંઘાણી તથા વરિષ્ઠ પાટીદાર અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# HMPV Ahmedabad Case

ચીનમાંથી ફેલાયેલા હ્યુમન મેટાન્યુમો વાઇરસ (HMPV)નો અમદાવાદમાં પ્રથમ કેસ નોંધાયો છે. વસ્ત્રાપુરમાં રહેતા 80 વર્ષનાં અસ્થમાના દર્દીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનાં શંકાસ્પદ લક્ષણો જોઇને ટેસ્ટ કરાવાતા  HMPV પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે.

જો કે તેમની તબિયત સ્થિર હોવાનો દાવો હોસ્પિટલ અને મ્યુનિસિપલ આરોગ્ય ખાતામાં કરવામાં આવ્યો છે. આ સાથે ગુજરાતમાં HMP વાઇરસનાં કુલ ત્રણ કેસો નોંધાયા છે.

# Bharatiya Pravasi Divas Samelan

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઓડિશાના ભુવનેશ્વર ખાતે શરૂ કરેલ 18માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલન'માં દર્શાવાઈ રહેલા ચાર પ્રદર્શનો પૈકી એક પ્રદર્શન - "માંડવીથી મસ્કત" અંતર્ગત કચ્છના માંડવીથી મસ્કત ઓમાન સ્થળાંતરિત થયેલા ભારતીય પ્રવાસીઓના ફેલાવા, વિકાસ સહિતની ગાથા રજૂ કરાઇ છે. વધુમાહિતી આપી રહ્યા છે મસ્કત ગુજરાતી સમાજના ઉપ પ્રમુખ ચંદ્રકાંત ચોથાણી..

## (બાઇટ – ચંદ્રકાંત ચોથાણી –મસ્કત ગુજ. સમાજ)

# WEATHER

આગામી 48 કલાક રાજ્યના મોટા ભાગનાં જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે ઉત્તર ભારતના વિસ્તારોમાં મજબૂત વેસ્ટન ડિસ્ટર્બન્સની અસરને કારણે તાપમાનમાં ઘટાડો થશે. બે દિવસ બાદ ફરી એક વખત તાપમાન ઘટીને ઠંડીનો અનુભવ થશે.

દરમિયાન છેલ્લાં 24 કલાક દરમિયાન સાત સ્થળોએ 10 ડિગ્રી સેલ્સિયસ કરતા ઓછું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જેમાં નલિયામાં 5.6. અમરેલીમાં 8.2, વડોદરામાં 9.2, ડીસામાં 9.8, ગાંધીનગરમાં 9, પોરબંદરમાં 9.6, અને રાજકોટમાં 8.3 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ શહેરમાં 12.8 ડિગ્રી અને સુરતમાં 16.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

આ અંગે હવામાન વિભાગના નિર્દેશક એ.કે.દાસે વધુ માહિતી આપી.

**(બાઇટ - એ. કે. દાસ, હવામાન વિભાગના નિર્દેશક)**

# Gujarat Assembly ST Devlopment Samiti Visit

ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિએ નવસારી ખાતે નિર્માણ પામી રહેલા પૂર્ણા તથા વાઘરેચ ટાઈડલ રેગ્યુલેટર ડેમની સાઈટની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું.

અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છેકે  ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિએ નવસારી જિલ્લામાં નિર્માણ પામી રહેલા ડેમની સ્થળ મુલાકાત કરીને હાલની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

આ સમિતિના અધ્યક્ષ અને સંખેડાના ધારાસભ્યશ્રી અભેસિંહભાઈ તડવીની સાથે દાંતા, દાહોદ, વ્યારા, અને છોટા ઉદયપુરના ધારાસભ્ય આ મુલાકાતમાં જોડાયા હતા.

સુરતના સિંચાઈ વર્તુળ અધિક ઈજનેરએ પ્રોજેકટની વિગતવાર માહિતી આપી નવસારી શહેર અને આસપાસના ગામોમાં પાણીની સમસ્યાના ઉકેલ તથા ગામોના લોકોને થનારા ફાયદાથી માહિતગાર કર્યા હતા.

# MARG SALAMATI MAS - DAMAN

કેન્દ્રશાસિતપ્રદેશ દમણમાં માર્ગ સલામત માસ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યાં છે..જેના ભાગરૂપે  પરિવહન વિભાગ દ્વારા અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દમણ  આરટીઓ ખાતે રક્તદાન શિબિર યોજાઇ હતી.આ અંગે પરિવહન વિભાગના સચિવ નિખિલ દેસાઇએ વધુ માહિતી આપી.

(બાઇટ - નિખિલ દેસાઇ, સચિવ પરિવહન વિભાગ )

# Tapi Khokho World cup

13 મી જાન્યુઆરીથી ભારતમાં રમાનારા પ્રથમ ખોખો વિશ્વકપમાં ભારતની મહિલા ટીમમાં તાપી જિલ્લની યુવતીની પસંદગી થઈ છે.

તાપી જિલ્લાના અમારા પ્રતિનિધી નિરવ કંસારા જણાવે છે કે, ટીમનાં 15 ખેલાડીઓ પૈકી તાપીમાં રહી DLSS અને ર.ફ દાબુ કેળવણી સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરી ચૂકેલાં ઓપીનાર દેવજીભાઈ ભીલારની

પસંદગીથી યુવતીના પરિવાર સહિત તાપી તેમજ ડાંગ જિલ્લામાં આનંદની લાગણી ફેલાઈ છે.

નવી દિલ્હીનાં ઇન્દિરા ગાંધી સ્ટેડિયમમાં 13થી 19 જાન્યુઆરી દરમિયાન પ્રથમ ખો ખો વિશ્વકપ રમાશે, જેમાં ભારત સહિત 20 દેશોની ટીમો ભાગ લેશે. ભારતની પ્રથમ મેચ નેપાળ સામે રમાશે.

# WOMAN CRICKET

ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય મહિલા ક્રિકેટ શ્રેણીની પ્રથમ  મેચ આજે રાજકોટમાં રમાશે. મેચ સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. આ મેચમાં કેપ્ટન હરમનપ્રીત કૌર અને રેણુકા સિંહ ઠાકુરને આરામ આપવામાં આવ્યો છે. સ્મૃતિ મંધાનાને ભારતીય ટીમની કપ્તાની કરશે.અને દીપ્તિ શર્મા ઉપ-કપ્તાન રહેશે.

શ્રેણીની બીજી મેચ રવિવારે અને ત્રીજી મેચ 15 જાન્યુઆરીએ રમાશે. ઉલ્લેખનિય  છે કે ભારતે ગયા મહિને વનડે શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને 3-0થી હરાવ્યું હતું.

# KUCH BIHARI TROPY

અમદાવાદમાં રમાઈ રહેલી કૂચ બિહારી ટ્રોફીની ફાઈનલમાં ગુજરાતના પ્રથમ ઈનિંગમાં 380ના સ્કોર સામે તમિલનાડુએ ગઈકાલે ત્રીજા દિવસની રમતના અંતે પ્રથમ ઈનિંગમાં 7 વિકેટે 358 રન બનાવ્યા છે.

# OVERBRIDGE TAR IN UTTARAYAN

ઉતરાયણના તહેવારને ધ્યાનમાં રાખી અમદાવાદમાં આવેલા 30 ઓવરબ્રિજ પર તાર લગાવવામાં આવશે. પતંગની દોરીના કારણે ટુ વ્હીલર ચાલકોને અકસ્માત થવાની સંભાવના રહેતી હોય છે. બ્રિજ પરથી પસાર થતા દ્વિચક્રી વાહનચાલકો કે ચાલતા જતા લોકોને ગળાના ભાગે દોરી આવવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે 23 જેટલા ઓવરબ્રિજ પર તાર લગાવી દેવામાં આવ્યા છે અને બાકીના 7 બ્રિજ પર તાર લગાવવાની કામગીરી ચાલી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઉતરાયણના તહેવાર દરમિયાન પતંગની દોરી પક્ષીઓને પણ ઇજા કરે છે. આવા પક્ષીઓને ત્વરિત સારવાર મળી રહે તેના માટે વિવિધ બિન સરકારી સંગઠનો કાર્યરત હોય છે ત્યારે જે પણ નાગરિકોને ઉત્તરાયણમાં કોઈ પક્ષી ઘાયલ જણાય તો તેમણે આવી સંસ્થાઓનો સંપર્ક કરીને પક્ષીઓની સારવાર કરાવવી જોઇએ.

# Dwarka kite festival

જિલ્લા પર્યટન વિભાગ દ્વારકા પાસે આવેલા વિશ્વ પ્રખ્યાત શિવરાજપુર બીચ પર 13 જાન્યુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય તેમજ રાષ્ટ્રીય પતંગવીરો સાથે જિલ્લા કક્ષાનો પતંગ ઉત્સવ ઉજવવામાં આવશે.

દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ માટેની તમામ તૈયારી પૂર્ણ કરવામાં આવી છે. દ્વારકા જિલ્લાના કલેક્ટર જી ટી પંડ્યાએ દ્વારકા જિલ્લાના લોકો તેમજ દ્વારકા ખાતે આવી રહેલા યાત્રિકોને પતંગ મહોત્સવ જોવા માટે આમંત્રણ આપ્યું છે.

# Divyang Camp

રાજકોટ શહેર, ત્રણ તાલુકામાં ૧૬થી ૨૨ જાન્યુઆરી દરમિયાન યોજાશે દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજાશે.

દિવ્યાંગોને તેમના વિસ્તારમાં સાધન સહાય તેમજ યોજનાકીય સહાયના લાભ મળી રહે તેવા ઉમદા ઉદેશ્યથી રાજકોટ, જિલ્લાના દરેક તાલુકામાં દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજાઈ રહ્યા છે. જે અન્વયે રાજકોટ મહાનગરમાં આગામી ૧૬થી ૧૮ જાન્યુઆરી જ્યારે ઉપલેટા, ધોરાજી, જેતપુર તાલુકામાં ૨૦થી ૨૨ જાન્યુઆરી દરમિયાન દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજવામાં આવશે.

દિવ્યાંગ સાધન સહાય મુલ્યાંકન કેમ્પ અંગે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં આગામી દિવસોમાં બાકીના તાલુકાઓ તેમજ રાજકોટ મહાનગરમાં વોર્ડ પ્રમાણે કેમ્પ યોજવા કલેક્ટરશ્રીએ સૂચના આપી હતી. આ સાથે દિવ્યાંગોને સરળતાથી બધા લાભો અને સાધન સહાય મળી રહે તેમજ દિવ્યાંગતા મુલ્યાંકનની પ્રક્રિયા પણ સરળ રીતે થાય અને દિવ્યાંગોને કોઈ તકલીફ ન પડે તે જોવા ખાસ સૂચના આપી હતી.

ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં આઠ તાલુકામાં યોજાયેલા કેમ્પમાં ૨૧૯૭ દિવ્યાંગ લાભાર્થીઓને વિવિધ લાભો મળ્યા છે.